## ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૨૭/૨૦૨૩, તા.૨૩/૦૧/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/30/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૬/૦૧/૨૦૨૩ થી તા.૨૨/૦૧/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) કમલાબાગ પો.સ્ટે.જા.જોગ રજી.નં.૦૫/૨૦૨૨, તા.૨૨/૨/૨૦૨૨ અન્વયે ગુમ થનાર જોનાલીબેન W/O સંજયભાઇ પલાણ ઉ.વ.૩૩ રહે.અમર પોલીફીલ્સ ક્વાર્ટર નં.૫, એરપોર્ટ પાસે પોરબંદર વાળીને તા.૧૭/૧/૨૦૨૩ ના રોજ કમલાબાગ પો.સ્ટે. PSI શ્રી કે.એન.ઠાકરીયાએ નર્સરી રોડ રેગર મોહલ્લા જી.બુંદી રાજ્ય રાજસ્થાનથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

(૧) તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશના પો.ઈન્સ. તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા એમ.કે.ગાંધી સ્કુલમા ૨૬ મી જાન્યુઆરી સબબ વેષભુશા કર્યક્રમમા હાજર રહી. તે બાદ "ગુડ ટચ" બેડ ટચ" અંગે જાણકારી આપી.

**મુદ્દા નંબર ૩:- ટ્રાફીક અંગેના કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હોય**

(૧) તા.૧૬/૦૧/૨૦૨૩ થી તા.૨૨/૦૧/૨૦૨૩ દરમ્યાન ઉદ્યોગનગર પો.સ્ટે.ના પો.સ.ઈ. તથા પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ તેમજ વાહન ચેકિંગ દરમ્યાન વાહન ચાલકોને ટ્રાફિક નિયમો અંગે જરૂરી માર્ગદર્શન આપી જરૂરી સલામતી રાખવા સમજ કરવામા આવેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે. સી-ટીમના કર્મચારીઓ દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન સુભાષનગર વિસ્તારમાં રહેતા સિનીયર સીટીજનો તથા મહીલાઓની મુલાકાત લઈ ડાયલ ૧૦૦ તથા ૧૮૧ વિશે માહીતગાર કરેલ અને કોઈ પણ મુશ્કેલી હોય ત્યારે ૧૦૦ નંબર પર તથા મહીલાઓને ૧૮૧ પર જાણ કરવા જરૂરી માર્ગદર્શન આપેલ છે

(૨) તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે.ના પો.સ.ઈ. દ્વારા રાંધાવાવ તથા રતનપર ગ્રામ પંચાયત ઓફિસ જગ્યાઓએ લોક દરબાર દરમ્યાન વૃધ્ધો, મહિલાઓ અને બાળકોને મળી કોઇપણ

પ્રકારની પોલીસ લગત સમસ્યાઓ હોય તો રજુઆત કરવા સમજ કરવામા તેમજ તા.૨૨/૦૧/૨૩ ના રોજ ઉદ્યોગનગર વનાણામા આવેલ અમર જ્યોત વૃધ્ધાશ્રમની મુલાકાત લેવામા આવેલ.

(૩) તા.૧૬/૦૧/૨૦૨૩ થી તા.૨૨/૦૧/૨૦૨૩ દરમ્યાન મહીલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા પોરબંદર શહેર ડીવીઝન પો.સ્ટે.ના અગલ-અલગ વિસ્તારમાં પેટ્રોલીંગ ફરી મહીલાઓ તથા સીજીયર સીટીઝનની મુલાકાત લીધેલ અને ડાયલ ૧૦૦ નંબર તથા ૧૮૧ વિશે માહીતગાર કરેલ.

(૪) તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ મહીલા પો.સ્ટે.ના પો.ઈન્સ. દ્વારા જુરીબાગ વિસ્તારમાં પાણીના ટાંકા પાસે મહીલા જાગૃતિ કરણ સેમીનાર યોજેલ. જેમા ઘરેલુ હીંસા, મહીલાને લગતી સમસ્યા, મહીલા અભિયમ-૧૮૧ તથા સખી વન સ્ટોપ સેન્ટર વિશે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૨૨/૦૧/૨૦૨૨ ના રોજ કિર્તીમંદીર પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી વી.પી.પરમારના સુચના મુજબ હનુમાનગુફા પોલીસ ચોકીના પો.સબ.ઇન્સ. બી.એસ.ઝાલા તથા સ્ટાફના રોહિતભાઇ વાળા તથા શી-ટીમના ઇન્ચાર્જ હેડ કોન્સટેબલ મનિષાબેન પરમાર તથા લોકરક્ષક રીદ્ધીબેનએ રીતેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે એક તેલંગાણા રાજ્યથી નિકળીને પોરબંદર પહોચી ગયેલી કિશોરી નવ્યશ્રીબેન ડો/ઓ નરસિમ્લુ મૃતીરાજ ઉં.વ.૧૭ વાળી મળી આવતા પોરબંદર જિલ્લા પોલીસના ટેક્નિકલ સેલના એ.એસ.આઇ.શ્રી રાજુભાઇ જોષી ની મદદથી કિશોરીના વાલી વારસને તેલંગાણા મુકામે જરૂરી જાણ કરવામા આવતા તેના વાલી વારસ દ્વારા પોરબંદર જિલ્લા પોલીસનો સહૃદય આભાર માનવામાં આવેલ.

(૨) તા.૧૮/૦૧/૨૦૨૩ ના રોજ હાર્બર મરીન પોલીસ સ્ટેશન પો.ઈન્સ. દ્વારા સુભાષનગર વિસ્તારમાં માચ્છીમારો સાથે મીટીંગનું આયોજન કરેલ. જેમાં ફીશીંગ દરમ્યાન પાકીસ્તાની બોટ કે બહારના દેશની બોટ જોવામા આવે ત્યારે તુરત મરીન પોલીસ નેવી કોસ્ટગાર્ડ કોઇ પણને જાણ કરવા સમજ કરેલ તેમજ ફીશીંગ દરમ્યાન આઇ.એમ.બી.એલ ક્રોસ ન કરવા તથા નો ફીશીંગ ઝોનમાં ફિશીંગ ન કરવા સમજ કરેલ

જે આપશ્રીને વિદિત થાય.

(ઋતુ રાબા)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર